ટ્રેન ટિકિટ પર સેફટી સરચાર્જ લાગુ કરવા યોજના

નવી દિલ્હી,તા.૧૫

દેશમાંમાનવવગરના રેલવે ક્રોસિંગને સંપૂર્ણપણે નાબુદ કરવા અને રેલવે એકસ્માતોને રોકવાના હેતુસર રેલવે હવે ટ્રેન ટિકિટ પર સેફટી સરચાર્જ લાગુ કરવાની યોજના ધરાવે છે. દેશભરમાં લેવલ ક્રોસિંગ ખાતે અંડરબ્રીજ અથવા તો માર્ગોના નિર્માણ માટે ફંડ એકત્રિત કરવાની રેલવે યોજના ધરાવે છે. આ ફંડ માટે ટ્રેન ટિકિટ પર સેફટી સરચાર્જ લાગુ કરવાની વિચારણા ચાલી રહી છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ટ્રેન અકસ્માતો થવા માટેના કેટલાક કારણો છે. જેમાં એક કારણ માનવવગરના રેલવે ક્રોસિંગ પણ છે. રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવે દ્વારા આગામી પાંચ વર્ષમાં દેશમાં મોટા ભાગના માનવવગરના રેલવે ક્રોસિંગને દુર કરવાની

3 વર્ષમાં ક્રોસિંગ પર ૧૯૪ના થયેલા મોત

રેલવે અકસ્માતોને રોકવા માટે રેલવે દ્વારા હવે સેફટી સરચાર્જ લાગુ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં માનવવગરના ક્રોસિંગ પર જુદા જુદા અકસ્માતોમાં ૧૯૪ લોકોના મોત થયા છે. રેલવે ૩૧૨૫૪ લેવલ ક્રોસિંગ ધરાવે છે. જે પૈકી ૧૦૭૯૭ લેવલ ક્રોસિંગ માનવવગરના છે. અથવા તો આવા ક્રોસિંગ ૧૦ટકાની આસપાસ છે. રેલવે મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન માનવવગરના ક્રોસિંગ ખાતે ૪૮ લોકોના મોત થયા છે. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૧૫ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૧૦-૧૧માં ૩૧ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૧૨-૧૩માં માનવવગરના ક્રોસિંગ ખાતે અકસ્માતોમાં ભોગ બનેલા લોકોને વળતર તરીકે ૧૦.૮૮ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૧-૧૨માં ૨.૨૨ લાખ વળતર અપાયું હતું. જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૭.૪૧ લાખનુ વળતર અપાયું હતું.

મહત્વકાંક્ષી યોજના ધરાવે છે. રેલવે દ્વારા આના માટે પ્રાથમિક રીતે તૈયારી પણ હાથ ધરવામાં આવી છે. રેલવે મંત્રાલયના અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે રેલવે બોર્ડની બેઠકમાં હાલમાં સેફટી સરચાર્જ મામલે ચર્ચા કરવામાં આવી હતી. અંડરબ્રીજ અથવા તો ઓવરબ્રીજના નિર્માણ માટે સેફટી સરચાર્જલાગુ કરવાની હિલચાલ ચાલી રહી છે. જો કે આને લઈને કેટલાક લોકોએ વાંધો પણ ઉઠાવ્યો છે. જો કે અધિકારીએ કહ્યું હતું કે રેલવે ટિકિટ પર સેફટી સરચાર્જ લાગુ કરવાના સંબંધમાં કોઈ અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. હાલ ચર્ચા ચાલી રહી છે. રેલવે માટે વધારે પ્રમાણમાં સંશાધનો ઉભા કરવાના અન્ય વિકલ્પો પણ ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે રોડ સેફટી ફંડમાંથી દર વર્ષે અમને ૧૧૦૦ કરોડ રૂપિયા મળી રહ્યા છે. પરંતુ દેશમાં માનવવગરના રેલવે ક્રોસિંગના દુષણને સંપૂર્ણપણે દુર કરવા માટે પાંચ વર્ષ સુધી દર વર્ષે ૬૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે ટિકિટ પર સરચાર્જ લાગુ કરવાનો નિર્ણય સંવેદનશીલ છે. રેલવે અધિકારી માને છે કે રેલવે એકસ્માતો માટે માનવગરના રેલવે ક્રોસિંગ જવાબદાર છે. આવા ક્રોસિંગને દુર કરવા માટે નવા વિકલ્પ પર વિચારણા ચાલી રહી છે. નેશનલ ટ્રાન્સપોર્ટરે ભવિષ્યમાં નેટવર્કમાં કોઈ નવા લેવલ ક્રોસિંગ નહી ઉમેરવાવો નિર્ણય કર્યો છે. રેલવે દ્વારા લેવલ ક્રોસિંગ ખાતે ઓવરબ્રીજ અથવા તો અંડરબ્રીજના નિર્માણમાં વહેંચણી માટે રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓ સાથે તૈયાર છે. દેશમાં રેલવેનુ નેટવર્ક ખુબ મોટુ છે. રેલવેમાં દરરોજ લાખો લોકો મુસાફરી કરે છે. જેથી અકસ્માતોને રોકવા માટે તમામ પગલા લેવામાં આવે તે જરૂરી છે.

જોબની શોધમાં રહેલા લોકો માટે સારા સમાચાર

સામાન્ય ચૂંટણી બાદ ભરતી પ્રક્રિયા વધારે તીવ્ર બની શકે

મુંબઈ,તા. ૧૫

દેશભરમાં ભરતીની પ્રક્રિયા વધારે તીવ્ર બને તેવી શક્યતા દેખાઈ રહી છે. રોજગારી અને નોકરી મેળવવા માટે ઈચ્છુક લોકો માટે સામાન્ય ચૂંટણી બાદ ગુલાબી ચિત્ર ઉપસે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર નિષ્ણાંતોના જણાવ્યા મુજબ દેશભરમાં નવી નોકરીની તકો વધશે. આ વર્ષે નવી નોકરીને લઈને કંપનીઓ માટે પણ પડકારરૂપ સમય રહ્યો હતો. રિક્રુટમેન્ટ કન્સલ્ટન્સી માઈકલ પેજ ઈન્ડિયાના ડિરેક્ટર નિલય ખાંડેલવાલે કહ્યું હતું કે ચોક્કસ પરિસ્થિતીમાં ફેરફાર થતા રહે છે. ભરતીની પ્રક્રિયા હવે વધારે તીવ્ર બની શકે છે. આગામી વર્ષે કેન્દ્રમાં નવી સરકાર આવનાર છે. સામાન્ય ચૂંટણી બાદજ આગામી વર્ષના મધ્યમાં રોજગારી વધે તેવી શક્યતા છે. તેમણે કહ્યું હતું કે આગામી વર્ષે બીજા ત્રિમાસિક ગાળામાં ભરતીની પ્રક્રિયા તીવ્ર બનશે.

ઘણી મલ્ટિનેશનલ કંપનીઓના અર્ધવાર્ષિક પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ સ્થિતીમાં સુધારો થશે. તેમની સાથે અન્ય જાણકાર નિષ્ણાંતો પણ કહે છે કે ત્રીજા ત્રિમાસિક ગાળામાં ભરતીનો પ્રહાવ વધારે તીવ્ર રહેશે. તેમણે કબુલાત કરી હતી કે વર્ષ ૨૦૧૨માં ત્રીજા ત્રિમાસિક ગાળામાં જોવબીન સંખ્યામાં ઘટાડો થયો હતો. લેઓફ આપનારની કોઈ સ્થિતી હાલમાં દેખાઈ રહી નથી. ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ, બિઝનેસ સર્વિસ, કન્સ્ટ્રકશન, રિયલ એસ્ટેટ અને આઈટી સોફ્ટવેર કંપનીઓ અને સંસ્થાઓમાં નોકરીની લોકોને વધારે તક મળશે. જુનિયરથી મિડ લેવલ પર લે ઓફની શક્યતા દેખાઈ રહી છે. આવા જ અભિપ્રાય ટેલેન્ટસ્પ્રીન્ટના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર સાન્તનુ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. હેલ્થકેર, એજ્યુકેશન અને રીટેલ સેક્ટરમાં પણ સારી તકો દેખાઈ રહી છે. આવનાર વર્ષોમાં ભરતીની પ્રક્રિયા માટે તમામ કંપનીઓ વચ્ચે સ્પર્ધા રહે તેવી શક્યતા છે. કારણ કે ટેલેન્ટને જાળવી રાખવા માટે કેટલાક પગલા લેવ પડશે.

અણ્ણા અને કેજરીવાલ હવે આમને સામને

લોકપાલ : અણ્ણાની ભૂખ હડતાલ છઠ્ઠા દિવસે જારી

રાલેગનસિદ્દિ,તા. ૧૫

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે જનલોકપાલ બિલને સંસદમાં પસાર કરવા માટેની માંગણીને લઈને અચોક્કસ મુદતની ભૂખહડતાળ પર ઉતરેલા છે. અણ્ણાની ભૂખ હડતાળ આજે છઠ્ઠા દિવસમાં પહોચી ગઈ હતી. સૂરેશ પથારેએ માહિતી આપતા કહ્યુ હતુકે અનશનની શરૂઆત કર્યા બાદથી અણ્ણાનું ચાર કિલો વજન ઘટી ગયુ છે. ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન બાલા સાહેબ વિખેપાટિલે કહ્યુ હતુ કે તેઓ અણ્ણા હજારેને મળીને પોતાનો ટેકો આપી ચુક્યા છે. વિખેપાટિલે કહ્યુ હતુકે અંગતરીતે તેઓ મળવા માટે પહોંચ્યા છે. તેમના આંદોલનને ટેકો આપવા તમામ પાર્ટીને અમે અપીલ કરી રહ્યા છીએ. સંસદમાં આ બિલ પસાર થઈ જાય તેવી ખાતરી કરવાના પ્રયાસ કરવા જોઈએ. બીજી બાજુ અણ્ણા

હજારેએ રાજ્યસભામાં રજુ કરવામાં આવેલા સુધારાયેલા મુસદ્દા લોકપાલ બિલની પ્રશંસા કરી હતી. બીજી બાજુ તેમના એક વખતના સાથી અરવિંદ કેજરીવાલે સરકારના લોકપાલને જોકપાલ તરીકે ગણાવીને આની ટિકા કરી છે. અણ્ણા અને કેજરીવાલ લોકપાલના મામલે પણ હવે આમને સામને દેખાઈ રહ્યા છે. એક વખતે ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં એક સાથે મેદાનમાં ઉતરેલા અને યુપીએ સરકારને લોકપાલ લાવવાની ફરજ પાડનાર અણ્ણા અને કેજરીવાલ હવે એકબીજાની વિરુદ્ધમાં દેખાઈ રહ્યા છે. અણ્ણા કહી ચુક્યા છેકે સરકાર દ્વારા લોકપાલ બિલ કરી દેવામાં આવ્યા બાદ અચોક્કસ મુદતની ભૂખહડતાળનો અંત લાવી દેશે. લોકપાલ બિલ પર અણ્ણાની સહમતિથી આમ આદમી પાર્ટી ચિંતાતુર છે. પાર્ટીના નેતા કુમાર વિશ્વાસે અણ્ણાની સરખામણી દ્રોણ અને ભિષ્મ સાથે કરીને કહ્યુ છે કે અણ્ણા હવે સિહાસન સાથે મળી ગયા છે. મહાભારત કાળમાં ભિષ્મપિતામહના મૌન અને ગુરુદ્રોનના સિહાસન સાથે પ્રેમના કારણે યુદ્ધની સ્થિતિ સર્જાઈ હતી.

કેન્દ્રિય મંત્રી શીશરામ ઓલાનુ લાંબી માંદગી બાદ નિધન થયુ

નવી દિલ્હી,તા. ૧૫

કેન્દ્રિય શ્રમ પ્રધાન અને રાજથાનના દિગ્ગજ કોંગ્રેસી નેતા શીશરામ ઓલાનુ ગુડગાવના મેદાંતા હોસ્પિટલમાં આજે અવસાન થયું હતું. ૮૬ વર્ષીય ઓલાને આંતરડામાં ઈન્ફેકશનની અસર થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.તેમની પત્નિ, બે પુત્ર અને એક પુત્રીને છોડીને તેઓગયા છે. ઓલાની તબિયત છેલ્લા એક મહિનાથી ખરાબ ચાલી રહી હતી. તબિયત વધારે ખરાબ થયા બાદ ઓલાને મેંદાતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઓલા ખરાબ આરોગ્યના કારણે રાજસ્થાનમાં કોંગ્રેસના પ્રચારમાં ભાગ લઈ શક્યા ન હતા. ૩૦મી જુલાઈ ૧૯૨૭માં જન્મેલા જાટ નેતા ઓલા રાજસ્થાનના ઝુંઝનુ સંસદીય ક્ષેત્રનુ પ્રતિનિનિધીત્વ કરતા હતા. ઓલાએ પોતાની રાજકીય કેરિયરની શરૂઆત રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી લડીને કરી હતી.

તેઓ વર્ષ ૧૯૫૭માં રાજસ્થાનની બીજી વિધાનસભાથી ૧૯૯૦ સુધી રાજસ્થાન વિધાનસભાના સભ્ય તરીકે રહ્યા હતા. વર્ષ ૧૯૮૦થી વર્ષ ૧૯૯૦માં તેઓ રાજસ્થાન સરકારમાં કેબિનેટ પ્રધાન હતા. ઓલાએ વર્ષ ૧૯૯૬થી વર્ષ ૧૯૯૭ સુધી કેન્દ્રિય રસાયણ અને ખાતર પ્રધાન તરીકે રાજ્ય પ્રધાન (સ્વતંત્ર હવાલો) સાથ સેવા આપી હતી. ત્યારબાદ તેઓ જળ સંશાધન રાજ્યપ્રધાન (સ્વતંત્ર હવાલો) રહ્યા હતા. ૨ ઉમી મે ૨૦૦૪થી ૨૭મી નવેમ્બર ૨૦૦૪ સુધી કેન્દ્ર સરકારમાં શ્રમ અને રોજગાર પ્રધાન હતા.

મનમોહનસિંહ સરકારમાં કેન્દ્રિય ખાણ પ્રધાન તરીકે પણ રહ્યા હતા. તેમના પુત્ર બીજેન્દ્ર ઝુંઝનુન ધારાસભ્ય છે. તેઓ પૂર્વ પ્રધાન પણ છે. વર્ષ ૧૬૮માં પદ્મશ્રીથી સન્માનિત થઈ ચુકેલા ઓલાએ વર્ષ ૧૯૫૨માં ગાંધી બાલિકા નિકેતન અરડાવતા નામથી એક સ્કુલ ખોલી હતી. જેના કારણે ગ્રામીણ રાજસ્થાનના દુર ગામી વિસ્તારોમાં રહેતી બાળકીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળ્યું હતું.

ભારતમાં ઉડ્ડયન માર્કેટનુ કદ સૌથી ઝડપથી વધ્યું છે

નવી દિલ્હી, તા.૧૫

ભારત વર્ષ ૨૦૨૦ સુધી વિશ્વમાં ત્રીજા સૌથી મોટા ઉડ્ડયન માર્કેટ તરીકે ઉભરીને આવશે. નાગરિક ઉડ્ડયન સચિવ કેએન

શ્રીવાસ્તવ દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. બેંગલોરમાં વિમાનીમથકને નવા નામ આપવા સાથે સંબંધિત એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું હતું કે ભારત હાલમાં ઉડ્ડનયના ક્ષેત્રમાં એક પછીએક મોટી સિદ્ધી મેળવવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ભારત સૌથી ઝડપથી વિકાસ પામતા વિશ્વના દેશોની નજર ભારત પર કેન્દ્રિત થઈ ચુકી છે. વિશ્વમાં નાગરિક ઉડ્ડયન માર્કેટમાં ભારત હાલમાં નવમાં સ્થાને છે. શ્રીવાસ્તવે કહ્યું હતુંમ કે વિમાની ટ્રાફિકમાં ઉલ્લેનીય વધારો કરવામાં આવે તેવી શક્યતા થછે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિમાની યાત્રીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલમાં ભારતીય ઉડ્ડયન માર્કેટમાં ૧૧૭ મિલિયનસ્થાનિક અને ૪૩ મિલિયન આંતરરાષ્ટ્રીય વિમાની પ્રવાસીઓ છે. જે આગામી ૧૦ વર્ષમાં વધીને ૩૩૭ મિલિયન સ્થાનિક અને ૮૪ મિલિયન આંતરરાષ્ટ્રીય વિમાની યાત્રીઓ થઈ જશે. ચીન બાદ ભારતમાં સ્થાનિક ઉડ્ડયન માર્કેટ સૌથી ઝડપથી આગળ વધતા સારી આશા જાગી છે. ભારતના સ્થાનિક ઉડ્ડયન માર્કેટનુ કદ ચીન બાદ સૌથી મોટુ છે. વર્ષ ૨૦૨૦સુધી અમેરિકા અને ચીન બાદ વિશ્વમાં ભારતના ઉડ્ડયન માર્કેટનુ કદ સૌથી મોટુ રહેશે. શ્રીવાસ્તવે વધુમાં કહ્યું હતું કે બેંગલોર પણ મુડીરોકાણના મામલે વિશ્વમાં પસંદગીના સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. બેંગ્લોર દેશમાં સૌથી વ્યસ્ત અને ઝડપથી આગળ વધનાર એરપોર્ટ પૈકી છે. ઉડ્ડનનના ક્ષેત્રમાં ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ અંગે પણ તેમણે વાત કરી હતી. દેશમાં ઉડ્ડયન ક્ષેત્રમાં સ્થાનિક એર લાઈન્સ વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે જેની સીધી અસર સામાન્ય લોકો પર થઈ છે. સામાન્ય લોકોને આનો ફાયદો થયો છે. વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.

રાજ્યસભામાં લોકપાલ બિલ આજે પસાર કરવા તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૧૫

ભારે ચર્ચા જગાવનાર લોકપાલ બિલ મામલે ચર્ચા વગર જ ટેકો આપવાનું ભાજપે વચન આપી દીધા બાદ કેન્દ્ર સરકારને આશા છે કે લોકપાલ બિલ આવતીકાલે રાજ્યસભામાં કોઈ પણ અચડણ વગર પસાર થઈ જશે. શુક્રવારના દિવસે સંસદમાં ઉપલા ગૃહમાં સુધારવામાં આવેલા લોકપાલ અને લોકાયુક્ત બિલ ૨૦૧૧ને રજુ કરનાર કેન્દ્રિય અંગત બાબતોના પ્રધાન વી નારાયણસામીએ કહ્યુ હતુ કે વારંવાર ગૃહ મોકુફીના પરિણામ સ્વરૂપે કોઈ પણ ચર્ચા શક્ય બની નથી. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો અને ભાજપે આ બિલને ટેકો આપ્યો છે. દરમિયાનમાં સમાજવાદી પાર્ટીના મુલાયમસિંહ યાદવે કહ્યુ છેકે તેમની પાર્ટી આનો વિરોધ કરશે. યુપીએ સરકારને મુલાયમસિંહ બહારથી ટેકો આપી રહ્યા છે. ચેન્નઈમાં વિમાની મથકે પત્રકારો સાથે વાતચીત કરતા નાયારણસામીએ કહ્યુ હતુ કે તકો ઉજળી બની ગઈ છે. આવતીકાલે રાજ્યસભામાં આ બિલ પસાર થઈ જશે. લોકપાલ બિલને પસાર કરવાની ઈચ્છાશક્તિને રજુ કરીને રાહુલ ગાંધીએ લોકપાલ બિલને ટેકો આપવા તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી. રાહુલે એમ પણ કહ્યુ હતુ કે ભ્રષ્ટાચાર સામેની લડાઈ માટે આ ખુબજ શક્તિશાળી સાધન તરીકે સાબિત થશે. લોકપાલ બિલને લઈને રાહુલે પ્રતિક્રિયા આપ્યા બાદ આની શક્યતા વધી ગઈ છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલી કહી ચુક્યા છે કે તેમની પાર્ટી ચર્ચા વગર પણ લોકપાલને ટેકો આપવા માટે તૈયાર છે.

તેમણે એવો આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો લોકપાલ બિલને પસાર કરવા આડે અડચણો ઊભી કરી રહ્યા છે. સુધારવામાં આવેલા બિલમાં રાજ્યો માં લોકાયુક્તને લઈને કેટલીક બાબતોનો ઉલ્લેખ છે. નવા બિલમાં સરકારી કર્મચારીઓ સામે ખટલો ચલાવવાની પણ મંજુરી આપવામાં આવી છે. રાહુલે ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને ઘણી બધી બાબતોનો ખુલાસો કર્યો હતો. રાહુલે એમ પણ કહ્યુ હતુ કે શક્તિશાળી લોકપાલ બિલ ૯૯ ટકા તૈયાર છે. વર્ષ ૨૦૧૧ બાદથી લોકપાલ બિલ અટવાયેલું છે. આ બિલ લોકસભામાં પસાર થઈ ગયુ હોવા છતાં રાજ્યસભામાં તેને મંજુરી મળી શકી નથી.

સજાતીય સંબંધ અંગે સુપ્રીમના ચૂકાદાને રાજનાથે ટેકો આપ્યો

નવી દિલ્હી,તા. ૧૫

સજાતીય સેક્સ સંબંધોના મામલામાં દેશભરમાં હોબાળો મચેલો છે અને જુદા જુદા રાજકીય પક્ષો પોત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક બાજુ કોંગ્રેસના ટોચના નેતાઓએ સુપ્રીમ કોર્ટના ચૂકાદા અંગે નાખુશી વ્યક્ત કરી છે. કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ સુપ્રીમના ચુકાદા અંગે નિરાશા વ્યક્ત કરી છે પરંતુ ભાજપે આજે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટેકો આપ્યો હતો અને કહ્યુ હતુ કે પાર્ટી બિનકુદરતી કૃત્યોને ક્યારેય ટેકો આપી શકે નહીં. દેશના કેટલાક લોકો જે વિરોધ કરી રહ્યા છે તે લોકો વિરોધ કરી શકે છે પરંતુ પશ્ચિમી સંસ્કૃતિ મુજબ આગળ વધવામાં અમે માનતા નથી. ભાજપ પ્રમુખ રાજનાથસિંહે કહ્યુ હતુ કે પક્ષ સુપ્રીમ કોર્ટના ચૂકાદાની સાથે છે.

રાજનાથસિંહે ભાજપના મૌનને તોડતા કહ્યુ હતુ કે આ ચૂકાદાની ટિકા થઈ રહી છે પરંતુ ભાજપ સુપ્રીમ કોર્ટના ચૂકાદાને સમર્થન આપે છે. બિનકુદરતી કૃત્યોને અમે કઈ રીતે યોગ્ય ગણી શકીએ છીએ.જોકે સિંહે કહ્યુ હતુ કે ભાજપના નેતાઓ દ્વારા આમાં હજુ વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવશે. જો સરકાર આ મુદ્દા પર સર્વપક્ષીય બેઠક બોલાવશે તો તેમની પાર્ટી સજાતીય સેક્સ સંબંધો પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ ધરાવતી આઈપીસીની કલમ ૩૭૭ને ટેકો આપશે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે અમે માનીએ છીએ કે સજાતીય સંબંધો અ કુદરતી કૃત્યો છે. અગાઉ લોકસભામાં વિપક્ષનાનેતાને પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં સુષ્માએ કહ્યુ હતુકે સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો છે અને જો સંસદ આમાં ફેરફાર કરવા ઈચ્છે છે તો તે સર્વસંમતિ સાધવા સર્વપક્ષીય બેઠક બોલાવી શકે છે. અમે સરકારની દરખાસ્તને જોઈશું અને ત્યારબાદ અમારા અભિપ્રાય રજુ કરીશું.

બિહારમાં માઓવાદીની સંપત્તિ જપ્ત કરવા પગલા

નવી દિલ્હી,તા. ૧૫

બિહાર સરકારે માઓવાદીઓ સામે કાર્યવાહી કરવાની શરૂઆત કરી દીધી છે. આના ભાગરૂપે બિહાર પોલીસે ૪૭ માઓવાદીઓની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. પોલીસે આજે વિગત આપતા કહ્યુ હતુ કે રાજ્યના ગૃહ સચિવ અમીર સુબ્માની દ્વારા ૪૭ માઓવાદીઓ પૈકી નવ માવોવાદીઓની સંપત્તિ જપ્ત કરવાના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે. બાકીના માઓવાદીની સંપત્તિ પણ હવે જપ્ત કરવામાં આવશે. બે મહિના પહેલા બિહાર સરકારે અન લો ફુલ એક્ટિવિટીસ પ્રેવેન્શન એક્ટ (૧૯૬૭)ની કલમ ૨૫ હેઠળ અડધા ડઝનથી વધુ માઓવાદીની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. આની સાથે જ આ પ્રક્રિયા હાથ ધરનાર બિહાર દેશમાં પ્રથમ સરકાર બની હતી. બિહાર સરકારના આદેશ પર ગૃહ મંત્રાલયે બળવાખોરોના લીડરોને કેટલાક આદેશો જારી કર્યા હતા. મુખ્યપ્રવાહમાં જોડાઈ જવા તેમને અપીલ કરવામાં આવી હતી. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે નવી દિલ્હીમાં માઓવાદીઓગ્રસ્ત રાજ્યની મુખ્યમંત્રીઓની બેઠકમાં સંપત્તિ જપ્ત કરવા અંગે વડાપ્રધાન મનમોહસિંહને માહિતી આપી હતી.

કેજરીવાલ દિલ્હી બાદ યુપીમાં સપાટો બોલાવવા માટે તૈયાર

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હીમાં વિધાનસભાન ચૂંટણીમાં શાનદાર દેખાવ કરીને ઈતિહાસ સર્જાયા બાદ આમ આદમી પાર્ટી હવે ઉત્તરપ્રદેશમાં સપાટો બોલાવવા માટેની તૈયારીમાં છે. પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા સંજયસિંહના નેતૃત્વમાં ગઈકાલે દિલ્હીના દારૂલશફા સ્તિત કોમનહોલમાં થયેલી અવધ ઝોનની બેઠકમાં પ્રદેશના તમામ ૭૫ જિલ્લામાં સંગઠનને મજબુત કરવાની કવાયતને તીવ્ર બનાવી દેવામાં આવી હતી. આના ભાગરૂપે આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની શોધખોળ પણ હાથ ધરવામાં આવી ચુકી છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે સમાજવાદી પાર્ટીના વડા મુલાયન સિંહ યાદવના પરિવારની સામે પણ પાર્ટીએ આક્રમક વલણ અપનાવવાની તૈયારી કરી લીધી છે. બીજી બાજુ પાર્ટીમાંથી ચૂંટણી લડવા માટે કેટલાક ઉત્સાહિત દાવેદારોએ પોતાના બાયોડેટા પણ રજૂ કરી દીધા છે. છેલ્લા એક વર્ષના ગાળામાં આમ આદમી પાર્ટીએ ઉત્તરપ્રદેશના ૬૫ જિલ્લામાં સંગઠનની રચના કરી છે. આવી સ્થિતીમાં આ પાર્ટી આ તમામ જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની સાથે સાથે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી માટે પણ તકલીફ ઉભી કરી શકે છે. ભાજપની વિજય શંખનાદ અને સમાજવાદી પાર્ટીની દેશ બચાવો રેલીની સામે કેજરીવાલ યુપીમાં ટુક સમયમાં જાતિ તોડો દેશ જોડો યાત્રા શરૂ કરવાની તૈયારીમાં છે. ભાજપના પ્રવકતા ચન્દ્રમોહને કહ્યું છે કે આમ આદમી પાર્ટીએ બંધારણીય સંસ્થાઓને અપમાનિત કરીન પોતાની રાજનિતી શરૂ કરી છે. લોકો આગામી ચૂંટણીમાં તેમને યોગ્ય બોધપાઠ ભણાવશે. આમ આદમી પાર્ટીઓના નેતા હાલમાં અયોગ્ય ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે.

સજાતિય સંબંધો મામલે સંઘ હવે વલણ સ્પષ્ટ કરે

નવી દિલ્હી,તા. ૧૫

કોંગ્રેસના વરિષ્ઠનેતા દિગ્વિજયસિંહે આજે ટ્વિટર પર ફરી એકવાર ભાજપ અને સંઘ પર આકરા પ્રહારો કર્યા હતા. દિગ્વિજયસિંહે કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા સજાતીય સેક્સ સંબંધોના મામલામાં ચુકાદા અંગે સંઘે પણ તેનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. ભાજપે સુપ્રીમ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યુ છે અને કહ્યુ છે કે તે કોઈ પણ બિનકુદરતી કૃત્યોને ટેકો આપશે નહીં. દિગ્વિજયસિંહે કહ્યુ છે કે કલમ ૩૭૭ અંગે સંઘ તરફથી સત્તાવાર નિવેદન કરવામાં આવે તેવી અમારી ઈચ્છા છે. સંઘના વિચાર જાણવા માટે અમે ઈચ્છુક છીએ.

દત્તાત્રેય જયંતિ અને દત્ત ઉપાસના

(પાના નં. ૪ નું ચાલુ)

શરીર એજ 'સહ્યાચળ પર્વત', એમાં મધ્યવર્તી આવેલું હૃદય 'એજ માહુર ગઢ', પરોક્ષ જ્ઞાન તે 'અત્રિ', એક નિષ્ઠ પ્રેમલક્ષણા ભક્તિ તેજ 'અનસૂયા'. આ બંનેના સમન્વયથી જન્મતું વિજ્ઞાન કે નિર્ગુણ સક્રિય સાક્ષાત્કાર કે અનુભવ તે જ 'દત્ત'. તેનું ધ્યાન ધરવાથી સાધક મુક્ત દશા પામે છે. જીવ મટી શિવ થાય છે. કલ્યાણરૂપ, મંગળરૂપ બની જગતમાં માંગલ્ય - વરસાવે છે. ઉપાસનામાં કોઈ ઝઘડાને સ્થાન નથી.

કોઈ દેહધારી આસુરી દૈત્યનો વધ કરવા આર્વિભાવ નથી થયેલો : અનસૂયાની એક નિષઠ ભગવદ ભક્તિના ફળ રૂપે એ અવતાર સાધક માત્રને નડતા મોહાસુરનો નાશ કરી જગતમાં વિશુદ્ધ પ્રેમ, જ્ઞાન, અદ્વેત ફેલાવવા માટે જ પ્રગટ થયા છે. જેથી 'આદિગુરૂ' કહ્યા છે. કોઈ દેવ નાનો કે મોટો એવી કુભાવના નથી. શંકરને તો બિલી ને ભભૂતી ચઢે, વિષ્ણુને તુલસી અને ગોપીચંદન જોઈએ, હનુમાનને તેલ, સિંદૂર ચઢાવાય. કોઈને ધોળા ફૂલ તો કોઈને રાતાં પૂલ જોઈએ. ભૂલથી એકને બીજું ચઢાવી દેવાય તો પ્રાયશ્ચિત લાગે.

આ બધી ભ્રાંતિ મૂલક કુશંકાઓ 'સર્વ દેવમય દત્ત ઉપાસના'માં નથી. આમ શ્રીરંગ અવધૂતજી એ દત્તાત્રેય જન્મ અને દત્ત ઉપાસના અંગે પોતાની દિવ્ય વાણીથી સૌને જાગૃત કર્યા છે. દત્તાત્રેય જયંતિએ ભગવાન શ્રીદત્ત અને પૂજ્યશ્રી રંગઅવધૂતજીને હજારો વંદન.

('દત્ત ઉપાસના'

- એક ઊડતું પ્રવચનમાંથી સાભાર)